૧૩/૫/મ.

૧૬૫/૫

**ગ્રામરક્ષક દળના સભ્યોના ફરજ ભથ્થાના દરમાં વધારો કરવા અંગે.**

ગુજરાત સરકાર,
ગૃહવિભાગ,
**ઠરાવક્રમાંકઃગરદ/૧૦૯૭/૩૩/પા.ફા/ફ,**
સચિવાલય,ગાંધીનગર
**તારીખઃ– ૨૨/૦૫/૨૦૦૯.**

**<u>વંચાણે લીધા :–</u>** ગૃહવિભાગનો તા.૧/૧૧/૧૯૯૯ નો ઠરાવ ક્રમાંકઃગરદ/૧૦૯૦/ફ.
**<u>ઠરાવ :–</u>**

ગૃહવિભાગના તા.૧/૧૧/૧૯૯૯ ના સંદર્ભ હેઠળના ઠરાવથી ગ્રામરક્ષકદળના સભ્યોને જયારે ફરજ ઉપર કે તાલીમ માટે બોલાવવામાં આવે ત્યારે દૈનિક રૂા.૩૧/ ના દરે ફરજ ભથ્થુ ચુકવવામાં આવે છે. ફરજ ભથ્થાના આ દરમાં વધારો કરવાની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી. સરકારશ્રીએ કાળજીપૂર્વક વિચારણાને અંતે ગ્રામરક્ષક દળના સભ્યોને હાલ ચુકવવામાં આવતા દૈનિક રૂા.૩૧/– ના ફરજભથ્થાને વધારી રૂા.૬૦/– (અંકે રૂપિયા સાઈઠ પુરા) કરવાનું ઠરાવેલ છે.

૨//. આ ઠરાવ તા.૧/૪/૨૦૦૯ થી અમલમાં આવશે.

૩//. આ અંગેનું ખર્ચ બજેટ સદર ૨૦૭૦–અન્ય બીજી વહીવટી સેવાઓ–૧૦૬– નાગરિક સંરક્ષણ–પેટા સદર (૨) ગ્રામરક્ષક દળ હેઠળ ઉધારવાનું રહેશે અને મંજુર થયેલ અનુદાનમાંથી મેળવવાનું રહેશે.

આ ઠરાવ આ વિભાગની સરખા ક્રમાંકની ફાઈલ ઉપર નાણા વિભાગની તા.૪/૩/૨૦૦૯ ની નોંધથી મળેલ અનુમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

*(એસ.એસ.બ્રાર)*
ઉપ સચિવ
ગૃહ વિભાગ

પ્રતિ

- માન.રાજયપાલશ્રીના અગ્રસચિવશ્રી, રાજભવન, ગાંધીનગર. (પત્ર ધ્વારા)
- માનનીય મુખ્યમંત્રીશ્રીના અગ્રસચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- માનનીય રાજયકક્ષાના મંત્રીશ્રી(ગૃહ) ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- વિરોધપક્ષના નેતાશ્રીના અંગત સચિવશ્રી, ગુજરાત રાજય વિધાનસભા, સચિવાલય, ગાંધીનગર.
- અગ્ર સચિવશ્રી,નાણાવિભાગ,સચિવાલય, ગાંધીનગર.
- કમાન્ડન્ટ જનરલશ્રી, ગૃહરક્ષક દળ, ગુજરાત રાજય, લાલ દરવાજા, અમદાવાદ.
- નિયામકશ્રી, સંયુકત નિયામક અને નાગરિક સંરક્ષણ અને ગ્રામ રક્ષક દળની કચેરી, લાલદરવાજા, અમદાવાદ.
- પોલીસ મહાનિર્દેશક અને મુખ્ય પોલીસ અધિકારીશ્રી, ગુજરાત રાજય, ગાંધીનગર.
- એકાઉન્ટન્ટ જનરલશ્રી ની કચેરી, અમદાવાદ / રાજકોટ.
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર / અમદાવાદ.
- નિયામકશ્રી, હિસાબી અને તિજોરી અધિકારીશ્રી, ગુજરાત રાજય, અમદાવાદ/ગાંધીનગર.
- સર્વે જીલ્લા પોલીસ અધિક્ષકશ્રીઓ.
- સર્વે જીલ્લા માનદ ગ્રામરક્ષક દળ કચેરી.
- સર્વે જીલ્લા તિજોરી અધિકારીશ્રી.
- નાણાકીય સલાહકારશ્રી, ગૃહવિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સેકશન અધિકારીશ્રી / નાયબ સેકશન અધિકારીશ્રી, સિલેકટ ફાઈલ / શાખા સિલેકટ ફાઈલ.